ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમમાં હિસાબી અધિકારી વર્ગ – ૨ ની જગા મંજૂર કરવા બાબત..

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક : એસસીડબલ્યુ–૧૦૦૧–નબા ૨૪–ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૩૦–૧૦–૨૦૦૧.

**ઠરાવ :**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૧૯–૬–૨૦૦૧ ના ઠરાવ ક્રમાંક : એસસીડબલ્યુ–૧૦૨૦૦૦/મ–૨૬૦/ગ થી સફાઈ કામદારો ના વિવિધ પ્રશ્નોનું નિરાકરણ કરવા તથા તેમના શૈક્ષણિક અને આર્થિક ઉત્કર્ષ કરવા માટે કાર્યરત "ગુજરાત સફાઈ કામદાર વિકાસ બોર્ડ" ને "ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ" તરીકે સ્વાયત નિગમમાં રૂપાંતરિત કરવામાં આવેલ છે. આ નિગમમાં હિસાબી તથા તેની આનુષંગિક કામગીરી માટે રૂા. ૬૫૦૦–૧૦૫૦૦ ના પગાર ધોરણમાં હિસાબી અધિકારી વર્ગ–૨ ની એક જગ્યા તાત્કાલિક અસરથી ઉભી કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

૨. ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ માટે મંજૂર કરેલ હિસાબી અધિકારી વર્ગ–૨ ની જગ્યા નિયામકશ્રી, હિસાબ અને તિજોરીના મહેકમમાંથી પ્રતિનિયુક્તિના ધોરણે ભરવાની રહેશે.

૩. આ અંગેનો ખર્ચ " માગણી ક્રમાંક–૯૩, મુખ્ય સદર, ૨૨૨૫–અનુસૂચિત જાતિઓનું કલ્યાણ (૧) બીસીકે–૪૦–ક અનુસૂચિત જાતિઓ માટે ખાસ અંગભૂત યોજના–સફાઈ કામદાર વિકાસ બોર્ડ(૩૧) ગ્રાન્ટ ઈન એઈડ" હેઠળ ઉધારવાનું અને તે હેઠળ કરવામાં આવેલ જોગવાઈમાંથી મેળવવાનું રહેશે.

૪. હિસાબી અધિકારીએ નિગમના ઉપાડ અને વહેંચણી અધિકારી તરીકે ની પણ કામગીરી કરવાની રહેશે.

૫. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની ૨૨–૧૦–૨૦૦૧ ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( બી. પી. પ્રજાપતિ )
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

નકલ રવાના :—

માન. મંત્રીશ્રી (સામાજિક ન્યાય અને અધિકારીતા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ,અમદાવાદ / રાજકોટ.
મેનેજીંગ ડીરેક્ટર, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર.
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
હિસાબી અને તિજોરી નિયામકશ્રી, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો, ગાંધીનગર.
નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી.
સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (પંચાયત).
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની સર્વે શાખાઓ (ગ–શાખા સિવાય).
સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, શાસ્ત્રી ભવન, નવી દિલ્હી.
ચેરમેન અને મેનેજીંગ ડીરેકટર, રાષ્ટ્રીય સફાઈ કામદાર નાણા અને વિકાસ નિગમ, નવી દિલ્હી.
સિલેક્ટ ફાઈલ.